સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૦૩–૨૦૧૦ ના રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૭–૦૩–૨૦૧૦ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો

................
................

મ્યુ. કમિશનરશ્રીના તા.૧૨–૦૩–૨૦૧૦ ના પત્ર નં. સીમીસ/૮/૪૧ થી વિદિત થઈ તેમજ સમિતિને સભામાં હાજર રહેલા ડેપ્યુટી કમિશનરશ્રી (પી એન્ડ ડી) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૦ (સુલતાનાબાદ–ભીમપોર)માં નીચે જણાવ્યાં મુજબના સુધારાઓ/ફેરફાર કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૦(સુલતાનાબાદ–ભીમપોર)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ફેબ્રુઆરી – ૨૦૦૬ અને જુલાઈ – ૨૦૦૬માં સુરતના થયેલા હદ વિસ્તરણ પહેલાના 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિત સંબંધ ધરાવનાર દ્વારા વપરાશ / ઉપયોગ ચાલુ હોય, હયાત પરિસ્થિતી અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના નીચે પત્રક–૧માં જણાવ્યા મુજબના બાંધકામો ઉપર મુકવામાં આવેલ. રીઝર્વેશન / રસ્તા (સુડાના મંજુર રિવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૦૨–૦૯–૨૦૦૪ના ડી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ડી.પી.ના રોડ પરના બાંધકામો સિવાય) દુર કરવા જરૂરી સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફારો કરવાનું ઠરાવવામાં આવે છે.

પત્રક–૧

| અ.નં. | દરખાસ્તમાં રજુ થયેલ રીઝર્વેશન નંબર | મોજે / ગામ | રે.સ.નં. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | આર–૧૯ (એસ.ઈ.ડબલ્યુ.એસ.) | સુલતાનાબાદ | ૧૫૩ + ૧૫૪ | સંપુર્ણ |
| ૨ | આર–૬૮ (પબ્લીક યુટીલીટી) | સુલતાનાબાદ | ૪૩ | સંપુર્ણ |
| ૩ | આર–૮૨ (પબ્લીક યુટીલીટી) | સુલતાનાબાદ | ૧૩ | સંપુર્ણ |
| ૪ | આર–૮૮(પબ્લીક યુટીલીટી) | ભીમપોર | ૨૦/પૈકી | સંપુર્ણ |
| ૫ | આર–૮૯(પબ્લીક યુટીલીટી) | ભીમપોર | ૨૦/૧ | સંપુર્ણ |
| ૬ | આર–૯૦ (પબ્લીક યુટીલીટી) | ભીમપોર | ૧૯ | સંપુર્ણ |
| ૭ | આર–૩ (સબ સેન્ટર) | સુલતાનાબાદ | ૧૫૯ | પાર્ટ પ્લાન–૧ મુજબ |
| ૮ | આર–૫૩ (પબ્લીક યુટીલીટી) (હેલ્થ સેન્ટર) | સુલતાનાબાદ | ૮૯/ પૈકી | પાર્ટ પ્લાન–૨ મુજબ |
| ૯ | આર–૭૨ (ગાર્ડન એન્ડ રીક્રીએશન) | સુલતાનાબાદ | ૩૬ થી ૪૧ | પાર્ટ પ્લાન–૩ મુજબ |
| ૧૦ | આર–૭૮ (એસ.ઈ.ડબલ્યુ.એસ.) | સુલતાનાબાદ | ૧૮ | પાર્ટ પ્લાન–૪ મુજબ |
| ૧૧ | આર–૮૩(પબ્લીક યુટીલીટી) | સુલતાનાબાદ | ૧૦ | પાર્ટ પ્લાન–૫ મુજબ |
| ૧૨ | આર–૫૬ (પબ્લીક યુટીલીટી) | સુલતાનાબાદ | ૨૩૧ પૈકી | સંપૂર્ણ |

(૨) મોજે : સુલતાનાબાદ રે.સ.નં. ૮૪ + ૧૩૨ ની જગ્યામાં કરવામાં આવેલ પ્લોટીંગના સંયુકત ડી.આઈ.એલ.આરના નકશાને ધ્યાને લઈ તે પ્રમાણે સામેલ પાર્ટ પ્લાન મુજબ અલગથી ઓ.પી.ની હદ દર્શાવી તે મુજબનું ફા. પ્લોટ ફાળવી તેને આનુસાંગિક ફેરફાર કરવા.

(૩) મોજે : સુલતાનાબાદ સર્વે નં. ૧૦૭ પૈકી મૂળખંડ નં. ૧૨૭ માં સુડા દ્વારા તા.૯–૨–૯૯ થી મંજુર થયેલ છે. સદરહુ જગ્યામાં પ્લીન્થનું બાંધકામ હોવાની રજુઆત કરેલ છે. જે ધ્યાને લઈ સદરહુ સર્વે નંબરમાંથી ફકત રસ્તાની કપાત કરી તેમાં આનુસાંગિક ફેરફાર કરવા.

(૪) મોજે : સુલતાનાબાદ આર–૬૫ (સેલેબલ કોમર્શીયલ) વાળા રીઝર્વેશનમાં આ સાથે સામેલ પાર્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ સુધારો કરીને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૫) મોજે સુલતાનાબાદ રે.સ.નં.૨૭૧ તથા ૨૮૩ વાળી જગ્યામાં ડી.આઈ.એલ.આર.માં સામેલ નકશા મુજબના ભાગલા પ્રમાણેના જુદા ઓ.પી. પ્રમાણેનો એરીયા ધ્યાને લઈ જુદા જુદા ફા.પ્લોટ ફાળવી તેને આનુસાંગિક ફેરફાર કરવા.

(૬) મોજે : સુલતાનાબાદ રે.સ.નં.૮૦/૨ તથા ૮૦/૧/૧ વાળી જગ્યાના મંજુર થયેલ પ્લાનને ધ્યાને રાખી તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૭) મોજે : સુલતાનાબાદ રે.સ.નં.૨૩૧ પૈકી વાળી જગ્યામાં ડી.આઈ.એલ.આર.માં કરવામાં આવેલ ભાગલાઓને ધ્યાને રાખી તે મુજબ ફા.પ્લોટ ફાળવી તેને આનુસાંગિક સુધારા કરવા.

(૮) રે.સ.નં.૨૩૦ તથા ૭૨/પૈકી માં સૈધ્ધાંતિક મંજૂરી આપેલ હોવાથી પ્લાન મુજબ બાંધકામને અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૯) રે. સર્વે નં.૨૭૪/૧+ ૨ વાળી જગ્યામાં અરજદારે નિયમાનુસાર પ્લાન રજુ કરેલ હોય તે ધ્યાને લઈ રજુ થયેલ પ્લાન મુજબ અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનસાંગિક જરૂરી સુધારા કરવા.

(૧૦) આ સાથે સામેલ નકશા મુજબ લંગરની બાજુમાં મસ્જીદ તથા ઐતિહાસિક બંગલો આવેલ હોવાથી રસ્તારેખામાં ફેરફાર કરવો તથા મસ્જીદની બાજુમાંથી જવા આવવાના રસ્તાનું સૂચિત રીઝર્વેશન (આર–૮૦) રદ કરવું.

(૧૧) રે.સ.નં.૧૬૨ પૈકી ૧–૩ માં તાલુકા વિકાસ અધિકારીશ્રીના તા.૨૦–૩–૭૩ ના હુકમથી બિનખેતી થયેલ હોય તેમાં રસ્તા સિવાય અન્ય કોઈ કપાત કરવી નહી.

(૧૨) રે.સ.નં.૨૬૭ માટે અરજદારે રજુ કરેલ ડી.આઈ.એલ.આર. ની નકલના આધારે તેઓના ભાગલા ફા. પ્લોટમાં દર્શાવવા તથા રીઝર્વેશન નં.આર.૨૮ તથા આર. ૨૯ ના પર્પઝની અદલા બદલી કરી તેને આનુસાંગિક સુધારા કરવા.

(૧૩) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર(૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેશોમાં કપાત કરવી નહી.

(૧૪) ટી.પી.સ્કીમ નં.૭૭ થી ૮૨ માં મંજુર પ્લાન દર્શાવી જે કપાતના ધોરણમાં ઘટાડો કરવામાં આવેલ છે તે બાબતે નગર નિયોજન સમિતિને જાણ ન હોય તે કારણે સમિતિને બેઠક એક દિવસ મુલતવી રાખવી પડી હતી અને સરકારશ્રીમાં ટી.પી.સ્કીમ તા.૨૦–૩–૨૦૧૦ સુધીમાં રજુ કરવાની હોવાથી આ સંજોગોમાં કાયદાકીય જોગવાઈને ધ્યાને લઈ સમિતિ ઉપરોકત ૬ સ્કીમને સુધારા સાથે મંજુર કરે છે જે ૧૫૪ કેસોની બે માસની મુદ્દતમાં મ્યુ.કમિશ્નરશ્રીએ તપાસ કરી જરૂર જણાયે નગર નિયોજન સમિતિ સમક્ષ રજુ કરી રાજય સરકારશ્રીને સદર સ્કીમોમાં દુરસ્તી કરવા જાણ કરવી અને આવી કોઈ ક્ષતિ માલુમ પડે તો યોગ્ય જણાયેથી મ્યુ.કમિશ્નરશ્રીએ જવાબદાર વ્યકિત સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી.

<u>ઠરાવનં.૧૫/ ૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૧૫–૦૩–૨૦૧૦